

વૈવિધ્ય

# નાનાં ઘરો માટે વિવિધ ટાઈલ પેટર્નસ

ઘર નાનાં અને સ્પેસની જરૂરિયાત વધારે એ આજના સમયની મોટી સમસ્યા છે. ઘરમાં બધું ગીચોગીચ લાગે તે પણ ક્યારેક માનસિક રીતે અકળાવી મૂકે છે. વાસ્તવિક રીતે સ્પેસ ભલે મોટી ન કરી શકાય પરંતુ અમુક ચોક્કસ ટાઈલ ડીઝાઈન સ્પેશિયસ લુક આપી શકે છે. તે તમારા ઘર, તમારા રૂમને અલગ જ દેખાવ પ્રદાન કરવા મહત્ત્વનો ફાળો આપે છે.

## લાર્જ ફોરમેટ ટાઈલ્સ:

દેખીતી રીતે નાની જગ્યા માટે મોટી સાઈઝની ટાઈલ્સ વાપરવી આપણને યોગ્ય લાગતું નથી પરંતુ તે એક સારો વિકલ્પ બની રહે છે. જેટલી ઓછી ટાઈલ્સ એટલાં ઓછાં જોડાણ અને એટલી ફ્લોર પર ઓછી લાઈન્સ. એટલે ફ્લોર ઓછા ટુકડાઓમાં વિભાજીત થાય છે અને સ્પેસ વધારે દેખાય છે. ટાઈલ લાઈટ રંગની અને સિમ્પલ રાખવામાં આવે તો ટાઈલ વધારે ધ્યાન ખેંચતી નથી અને તેનાથી રૂમમાં ખુલ્લી સ્પેસ વધારે દેખાય છે.

## લાઈટ રંગની ટાઈલ:

હળવા આછા રંગો પ્રકાશને પરાવર્તિત કરે છે જેથી રૂમ વધારે પ્રકાશિત લાગે છે. આના કારણે સમગ્ર રૂમનો દેખાવ બદલાય જાય છે. ઘેરો[ડાર્ક] રંગ સ્પેસને સંકુચિત દર્શાવે છે, જ્યારે હળવા [લાઈટ] રંગ ખુલ્લી અને પ્રકાશિત સ્પેસ દર્શાવે છે. ઓફ વાઈટ, બેજ કે લાઈટ ગ્રે રંગની ટાઈલ્સ રૂમને ભરચક અને નાનો દેખાવાને બદલે હળવો, પ્રકાશિત અને મોટો દશાવે છે.



## ગ્લોસી ફીનીશ ટાઈલ્સ:

ટાઈલ્સની ચમક તમારા રૂમનો લુક બદલી શકે છે. ગ્લોસી ટાઈલ્સ પ્રકાશને આકર્ષે છે અને સમગ્ર રૂમમાં પ્રકાશ ફેલાવે પણ છે, તેનાથી રૂમને નવું પરિમાણ મળે છે. નાના રૂમને તે મોટો દર્શાવવામાં મદદ કરે છે પરંતુ ક્યારેક વધારે પડતી ચમક આંખને આંજી દે છે એટલે તેનું સંતુલન જાળવવું જરૂરી છે.

## ડાયાગોનલ ટાઈલ લેઆઉટ

મોટાભાગે ફ્લોર્સ પર ટાઈલ લાઈન્સ સીધી જાય છે. તે પેટર્ન બદલીને ત્રાંસી કરવામાં આવે છે. આ નાનકડો બદલાવ રૂમને પહોળો દર્શાવી શકે છે. શરૂઆતમાં તે સ્પષ્ટ લાગતું નથી પરંતુ ધ્યાનથી જોતાં તેમાં તફાવત સ્પષ્ટ જણાય છે.

## ફ્લોર અને દીવાલ માટે સરખી ટાઈલ્સ :

જ્યારે ફ્લોર અને દીવાલ બંને જગ્યાએ એક સરખી ટાઈલ ડીઝાઈન રાખવામાં આવે ત્યારે ફ્લોર અને દીવાલની સીમાઓ અદ્રશ્ય થઈ જાય છે. રૂમ બંધિયાર પણ લાગતો નથી. તમે રૂમની કોઈ એક જ દીવાલ પર પણ ટાઈલ ડીઝાઈન લઇ શકો છો. આ એક સિમ્પલ આઈડિયા છે કે જેમાં જગ્યાને જોવાનો દ્રષ્ટિકોણ બદલાય જાય છે.

## ઓછામાં ઓછી ગ્રાઉટ લાઈન્સ:

ગ્રાઉટ લાઈન્સ સામાન્ય રીતે જલ્દી દેખાતી નથી પરંતુ તેની અસર રૂમના લુક પર ચોક્કસ પડે છે. જાડી અને કોન્ટ્રાસ્ટીંગ ગ્રાઉટ લાઈન્સ ફ્લોરને ટુકડાઓમાં વહેંચી દે છે. ટાઈલના રંગ સાથે મેચ થતી અને પાર્ટલી ગ્રાઉટ લાઈન્સ ફ્લોરને સ્મુધ લુક આપે છે અને રૂમનો ઓવરઓલ લુક બદલાઈ જાય છે.

## હોરિઝોન્ટલ ટાઈલ પેટર્ન:

હોરિઝોન્ટલ એટલે કે આડી લાઈનમાં કરેલી ટાઈલ ડીઝાઈન રૂમને પહોળો દેખાવામાં મદદરૂપ થાય છે. હોરિઝોન્ટલ લાઈન્સ તમારી આંખને એક ખૂણેથી બીજા ખૂણે લઈ જાય છે જેનાથી રૂમ પહોળો હોવાનો આભાસ થાય છે. સાંકડા રૂમ માટે આ પ્રકારની ટાઈલ્સ તેને પહોળો દર્શાવવા માટે ઉપયોગી થાય છે.

## વુડ લુક લોંગ ટાઈલ :

લાકડા જેવા દેખાવવાળી લાંબી ટાઈલ્સ નેચરલ લુક આપે છે. તેમને લાંબી રીતે મૂકવામાં આવે તો તે રૂમને લાંબો દર્શાવવામાં મદદરૂપ થાય છે. વળી, વુડ લુક તેમાં ટેક્સચરનો ઉમેરો કરે છે જેનાથી રૂમ સિમ્પલ પણ લાગતો નથી.

## ન્યુટ્રલ ટોન ટાઈલ્સ:

ન્યુટ્રલ કલર્સ આંખને આંજી દેતા નથી. તે અલગ અલગ દિશામાં ધ્યાન ખેંચતા નથી. તે રૂમને સ્થિરતા બક્ષે છે. ઘેરા કોન્ટ્રાસ્ટીંગ કલર્સ રૂમને વિભાગોમાં વહેંચી દે છે જ્યારે ન્યુટ્રલ ટોન એકસરખો લુક આપે



છે. તે શાંત અને સ્થિર અસર છોડે છે છતાં, તે એક સારો વિકલ્પ બની રહે છે.

## દરેક રૂમમાં એકસરખી ટાઈલીંગ :

લીવીંગ રૂમ અને ડાઈનીંગ એરિયા કે હોલવેમાં પણ એક સરખી ટાઈલ ડીઝાઈન કરવાથી ફ્લોર સ્પેસ વધારે દેખાય છે. તેનાથી રૂમ વિભાજીત થતો નથી અને એકસરખી ટાઈલ્સને કારણે સામ્યતા અને સંપૂર્ણતાનો અનુભવ થાય છે. નાનાં ઘરોમાં તે ખરેખર ફાયદાકારક સાબિત થાય છે.

## સૂક્ષ્મ પેટર્નવાળી ટાઈલ્સ

પેટર્ન ઘેરા રંગની કે મોટી હોવી જરૂરી નથી. હળવા રંગની ઝીણી અને સરળ ડીઝાઈનવાળી ટાઈલ્સ નાના રૂમને વિભાજીત કર્યા વિના તેમાં નવા પરિમાણનો ઉમેરો કરે છે. ભારે ભરચક પેટર્ન રૂમમાં ગીચતાનો ઉમેરો કરે છે જ્યારે હળવી પેટર્ન રસપ્રદ તો લાગે જ છે ઉપરાંત સ્થિરતા અને શાંતિનો ઉમેરો પણ કરે છે. જેમને એકદમ સિમ્પલ પણ નહીં અને એકદમ ગીચ કે ભરચક નથી જોઈતું , તેઓ આ પ્રકારની ટાઈલ પેટર્નનો ઉપયોગ કરી શકે છે.